Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/વિ.પ્ર.પ્રવેશ/૨૦૨૨/૮૭૧૧-૧૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૫/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ)
સુરત, જિ.સુરત

વિષય :- ધોરણ – ૧૧ (વિજ્ઞાન પ્રવાહ) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ પ્રવેશ બાબત.
સંદર્ભ :- ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/ ૨૦૨૨/૩૭૩૩-૬૭ તા.૦૭/૦૬/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનાં સંદર્ભ દર્શિત પત્રથી રાજ્યની વિજ્ઞાન પ્રવાહની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ૩ (ત્રણ) મુખ્ય વિષયો (ગણિત, વિજ્ઞાન, અને અંગ્રેજી) (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)}માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઇ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિ(૭%) | ૦૫ |
| ૨ | અનુસુચિત જનજાંતિ(૧૫%) | ૧૧ |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ(૨૭%) | ૨૦ |
| ૪ | આર્થિક રીતે નબળા વર્ગો(EWS)(૧૦%) | ૦૫ |
| ૫ | પોતાની શાળા | ૨૫ |
| ૬ | અન્ય શાળાનાં (જે શાળામાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધોરણ-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે | ૦૬ |
| | કુલ | ૭૫ |

ઉપર મુજબ પ્રવેશ કાર્યવાહી કરવા માટે શ્રી આર ડી ઘાએલ જીવનભારતી વિદ્યાલય, નાનપુરા, સુરતથી તા.૧૬/૦૬/૨૦૨૨ અને ૧૭/૦૬/૨૦૨૨ સુધી પ્રવેશ ફોર્મ વિતરણ કરવાના રહેશે. અને તા.૨૧/૦૬/૨૦૨૨ અને તા.૨૨/૦૬/૨૦૨૨ સુધીમાં કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા સ્થળે ખાતે જમા કરાવવાના રહેશે.

Azadi Ka Amrit Mahotsav

| પ્રવેશ યાદી | જાહેર કરવાની તારીખ | ફી ભરવાની તારીખ |
|---|---|---|
| પ્રથમ | તા.૨૭/૦૬/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાકે | તા.૨૮/૦૬/૨૦૨૨ અને તા.૨૯/૦૬/૨૦૨૨ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ |
| દ્રિતીય | તા.૨૯/૦૬/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાકે | તા.૩૦/૦૬/૨૦૨૨ અને તા.૦૧/૦૭/૨૦૨૨ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ |
| તૃતીય | તા.૩૦/૦૬/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાકે | તા.૦૨/૦૭/૨૦૨૨ અને તા.૦૪/૦૭/૨૦૨૨ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ |

ઉપર મુજબની પ્રવેશ કાર્યવાહી શાળા કક્ષાએ પૂર્ણ થતા તા.૦૫/૦૭/૨૦૨૨ના રોજ સરકારી અને સહાયક અનુદાન મેળવતી તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ શાળાકક્ષાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતા પોતાના ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની ખાલી રહેતી બેઠકની સંખ્યાની વિગત પોતાના બીટ મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રી મારફત કેન્દ્રીય ભરતી પ્રક્રિયા માટે મોકલી આપવાની રહેશે.

શાળા કક્ષાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રવેશ વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ તા.૦૬/૦૭/૨૦૨૨ અને તા.૦૭/૦૭/૨૦૨૨નાં રોજ શ્રી આર ડી ધાએલ જીવનભારતી વિદ્યાલય, નાનપુરા, સુરત ખાતેથી સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક દરમ્યાન મેળવી તેજ દિવસે ફોર્મ ભરી વિતરણ કેન્દ્ર પર પરત જમા કરાવવાના રહેશે.

પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી શ્રી આર ડી ધાએલ જીવનભારતી વિદ્યાલય, નાનપુરા, સુરત ખાતે તા.૧૧/૦૭/૨૦૨૨ નાં સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

નકલ રવાના :-

- આચાર્યશ્રી, શ્રી આર ડી ધાએલ જીવનભારતી વિદ્યાલય, નાનપુરા, સુરત
  ર/-જરૂરી વ્યવસ્થા કરવા સારૂ...